BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સિટી ઓફ બ્રૅમ્પટન ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં નિવેશ અને વિકાસને પ્રોત્સાહિત કરવાનું તેમનું કાર્ય ચાલુ રાખે છે

*ઈનોવેશન ડિસ્ટ્રિક્ટના ભાગીદારો મારફતે $55 મિલિયન કરતા વધુ રકમ સમર્પિત કરવામાં આવી*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (14 ઑક્ટોબર 2021) – સિટી ઓફ બ્રૅમ્પટન ઈનોવેશન અને ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમ બનાવીને તેમના ડાઉનટાઉનની આર્થિક સંભાવનાને પુનર્જીવિત કરીને તેને ફરી ખુલ્લી કરવાનું ચાલુ રાખે છે: *બ્રૅમ્પટન ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ* 2019થી કરાર બનવાના શરૂ થયા તે અત્યાર સુધીમાં સિટીએ તેના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં $20.5 મિલિયન જેટલી માતબર રકમ રોકવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે અને તે ઉપરાંત ઈનોવેશન ભાગીદારો પાસેથી આશરે $55.2 મિલિયન જેટલું રોકાણ થઈ રહ્યું છે.

2019 થી 2021ના સમયગાળામાં છ જેટલા નવા ભાગીદારો ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં પોતાની હાજરી નોંધાવી ચુક્યા છે. ઈનોવેશન ડિસ્ટ્રિક્ટના ભાગીદારોમાં સમાવેશ થાય છે ઉદ્યોગસાહસિકતા, વ્યાપાર વિકાસ, પોસ્ટ-સેકન્ડરી તાલીમ અને એક્સેલરેટર સ્પેસ જેમકે બ્રૅમ્પટન આંત્રપ્રન્યોર સેંટર, બીહાઈવ બ્રૅમ્પટન (BHive Brampton), રાયેરસનની આગેવાનીમાં વન્ચર ઝોન, અલ્ટિટ્યુડ એક્સેલરેટર, ફાઉન્ડર ઈન્સ્ટિટ્યુટ, અલગોમા યુનિવર્સિટી અને રોજર્સ સાયબરસિક્યોર કેટેલિસ્ટ મુખ્ય મથક અને એક્સેલરેટર. શેરિડન એજ (Sheridan Edge), ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ ઊભું કરવા માટે બ્રૅમ્પટન બોર્ડ ઓફ ટ્રેડ અને ડાઉનટાઉન બ્રૅમ્પટન BIA પણ મહત્ત્વપૂર્ણ ભાગીદારો છે.

ટર્મ ઓફ કાઉન્સિલ અગ્રિમતાઓના સમર્થનમાં જે પરિવર્તનક્ષમ પહેલો કાર્યરત છે તેનાથી સંપૂર્ણ સમુદાયો બનાવવામાં મદદ મળશે, અર્થતંત્રની સંભાવનાઓ ખુલ્લી થશે અને ઈનોવેશન કોરિડોરમાં બ્રૅમ્પટનની અનન્ય સ્થિતિ દૃઢ બનશે.

COVID-19 હતો તેવા સંપૂર્ણ સમયગાળા દરમિયાન સિટીએ ડાઉનટાઉન રોકાણને ઉત્તેજન આપવાનું ચાલુ રાખ્યું હતું અને સાથે બ્રૅમ્પટનના કેન્દ્રમાં નવા વિકાસ કાર્યો વધ્યા હતાં. સિટીના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટની સતત ચાલુ રહેલ ઉત્ક્રાંતિ એટલે તેની આર્થિક સુધાર રણનીતિનું મહત્ત્વપૂર્ણ પાસું, અને તેનાથી સિટીને મહામારીના પ્રભાવની અસરો પાછળ મુકીને આગળ વધવામાં મદદ મળશે જ્યાં ફોકસ સતત વિકાસ પામવા થનગનતા ક્ષેત્રો પર હશે જેમકે સાયબર સિક્યોરિટી અને આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ.

સિટીના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ વિશે વધુ જાણકારી મેળવવા માટે, અહીં મુલાકાત લો www.bramptoninnovationdistrict.com અથવા સિટીનો વિડિયો જુઓ જે આ ઈનોવેશન ઈકોસિસ્ટમના પ્રભાવો પર પ્રકાશ ફેંકે છે.

**હકિકતોનો ટૂંકસાર**

- સિટી અને ઈનોવેશન ડિસ્ટ્રિક્ટના ભાગીદારોએ 3,288 સત્રો, કાર્યશાળાઓ અને ઈવેન્ટ્સ યોજ્યા છે જેનાથી ઈનોવેશન, ટેકૂજી અને ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં સાહસિકતાને પ્રોત્સાહન મળે અને તેનો વિકાસ થાય. આ સત્રોમાં સામેલ હતી ધંધાદારી રૂબરૂ સલાહમસલતો,

તાલીમો, સ્ટાર્ટઅપ વર્કશોપ્સ અને સાયબરસિક્યોરિટી પ્રશિક્ષણ અભિયાનો અને તેમાં 12,000 કરતા વધુ લોકો સહભાગી થયા હતાં.

- ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ ભાગીદારો ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં કુશળ રોજગારીની તકો આપતા રહ્યા છે અને તેમણે આજની તારીખ સુધીમાં 49 કર્મચારીઓને નોકરી આપી છે. બીહાઈવ બ્રૅમ્પટન (BHive Brampton)નો પ્રારંભ મે 2021માં થયો ત્યારથી તેઓ 73 આંતરરાષ્ટ્રીય સ્ટાર્ટઅપ્સ સાથે પ્રવૃત્ત થયા છે અને તેમના ઈન્ક્યુબેટર પ્રોગ્રામમાં 14 આંતરરાષ્ટ્રીય સ્ટાર્ટઅપ્સનો સ્વીકાર કર્યો છે.
- જુલાઈમાં સિટીએ જાહેર કર્યું કે તેમણે ડાયમંડ શ્મિટ (Diamond Schmitt)ને તેમના પરિવર્તનક્ષમ સેંટર ફોર ઈનોવેશનના આર્કિટેક્ટ તરીકે પસંદ કર્યા છે. CFI બ્રૅમ્પટનના ડાઉનટાઉન હાર્દમાં મધ્યમાં સ્થિત હશે અને શહેરમાં પ્રવર્તમાન અને ભાવિ પોસ્ટસેકન્ડરી સંસ્થાઓની હાજરીને સમમર્થન આપશે જેમકે અલગોમા યુનિવર્સિટી, રાયરસન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ ગ્વાલ્ફ-હંબર (University of Guelph-Humber). તે એક સહયોગી જગ્યા હશે જેમાં નવી સેંટ્રલ લાઈબ્રેરી હશે જે પોસ્ટસેકન્ડરી સંસ્થાઓને સ્થાનિક વ્યવસાયો અને સ્ટાર્ટ-અપ્સ સાથે જોડાણ બનાવવામાં અગત્યની ભૂમિકા ભજવશે જેથી ભવિષ્યની નિપુણતાલક્ષી નોકરીઓ સાથે બ્રૅમ્પટનના કાર્યબળને જોડાવામાં તે મદદ કરશે. ડાઉનટાઉન બ્રૅમ્પટન GO સ્ટેશનમાંથી શહેરમાં અવરજવર કરતા ટ્રેનનાં મુસાફરો માટે CFI એક ગેટવે એટલેકે પ્રવેશદ્વાર અને સીમાચિહ્ન પુરવાર થશે.
- રોજર્સ સાયબરસિક્યોર કેટેલિસ્ટ (Rogers Cybersecure Catalyst)ને ફ્યુચર સ્કિલ્સ સેંટર પ્રોગ્રામ મારફતે એમ્પ્લોયમેન્ટ એન્ડ સ્કિલ્સ ડેવેલપમેન્ટ કૅનેડા દ્વારા $1.9 મિલિયનથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે. આ ભંડોળનો ઉપયોગ એક્સેલરેટેડ સાયબરસિક્યોરિટી ટ્રેઈનિંગ પ્રોગ્રામના વિસ્તરણમાં સહાય કરવા માટે થશે જેથી વધુ વૈવિધ્યસભર શીખનારાઓ સુધી પહોંચી શકાય અને તે સંશોધન કરવા માટે કે તાલીમ કેવી રીતે વૈવિધ્યસભર વસ્તી ધરાવતા જૂથો સુધી પહોંચી શકે.

**સુવાક્યો**

"બ્રૅમ્પટન એક રોમાંચક પરિવર્તનની મધ્યમાં છે અન આપણા ભાગીદારોની સાથે મળીને અમે આવશ્યક એવા સ્થાપત્યના પાયા નાંખી રહ્યા છીએ જેથી અમારું ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ એક મુખ્ય શૈક્ષણિક અને ઈનોવેશનનું કેન્દ્ર બનીને ઉભરી આવે. અત્યારે જ્યારે અમે COVID-19ના આગામી ચરણમાં પગલાં માડી રહ્યા છીએ ત્યારે અમે એક ગતિશીલ સ્ટાર્ટ-અપ સમુદાયને પ્રોત્સાહિત કરી રહ્યા છીએ, સ્થાનિક પ્રતિભાઓને વિકસાવી રહ્યા છીએ અને ઉદ્યોગસાહસિકોને ટેકો આપી રહ્યા છીએ તેમજ અમારા રહેવાસીઓ અને વ્યવસાયો માટે આર્થિક સુધારને આગળ ધપાવી રહ્યા છીએ. બ્રૅમ્પટન ખરેખર ઈનોવેશન ક્ષેત્રમાં એક વૈશ્વિક આગેવાન તરીકે ઊભરી રહ્યું છે."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

અમારા ઈનોવેશન ડિસ્ટ્રિક્ટનો એકધારો વિકાસ સિટીના આર્થિક સુધારની વ્યુહરચનાનો કેન્દ્રબિંદુ છે અને આપણે સહુ જ્યારે COVID-19 મહામારીની અસરોમાંથી બહાર નીકળી આગળ વધી રહ્યા છીએ ત્યારે અમારા ભાગીદારો સાથે મળીને અમે આપણા ડાઉનટાઉન હાર્દમાં રોકાણો લાવવાનું ચાલુ રાખ્યું છે. અમારા પરિવર્તનક્ષમ સેંટર ફોર ઈનોવેશન સાથે આગળ વધીને અને બ્રૅમ્પટનને એક ઈનોવેશન અને ઉદ્યોગસાહસિક કેન્દ્ર તરીકે સ્થાપીને અમે ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં એવો વિકાસ સાધી રહ્યા છીએ કે તેનાથી અમારા તમામ રહેવાસીઓને લાભ થશે."

*- માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 3 & 4; પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પટન.*

"અમે ડાઉનટાઉનની આર્થિક સંભાવનાઓને પુનર્જીવિત કરીને તેને ફરી ખુલ્લી કરી રહ્યા છીએ અને અમારા ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં અગત્યની પહેલો હાથ ધરીને એવા સંપૂર્ણ સમુદાયોનું સર્જન કરી રહ્યા છીએ જે અમારા રહેવાસીઓ, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિકોને લાભદાયી નીવડે. બ્રૅમ્પટન આ બધી બાબતો અંગે ગંભીર છે અને અમારા મૂલ્યવાન ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ ભાગીદારો સાથે મળીને અમે અહીં આપણા શહેરના હાર્દમાં જ એક વિશ્વ સ્તરનું શિક્ષણ અને ઈનોવેશન કેન્દ્ર ઊભું કરી રહ્યા છીએ."

*- પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 & 5; ઉપ પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પટન.*

"આપણા સમસ્ત સમાજને લાભ મળે તે આશયથી આપણા શહેરને એક શિક્ષણ અને ઈનોવેશનનું કેન્દ્ર બનાવીને સિટી ઓફ બ્રૅમ્પટન તેને યોગ્ય માર્ગે દોરી રહ્યા છે. કૅનેડાના ઈનોવેશન કોરિડોર પર આપણું પ્રાઈમ લોકેશન હોવાથી, મૂલ્યવાન ભાગીદારો અને કુશળ તેમજ વૈવિધ્યસભર પ્રતિભાઓનો સમૂહ હોવાથી અમે આપણા ડાઉનટાઉનની સંભાવનાઓને છૂટો દોર આપી રહ્યા છીએ અને આપણા રહેવાસીઓ, વિદ્યાર્થીઓ અને વ્યવસાયો ખીલી શકે તે માટે ઈનોવેશન ડિસ્ટ્રિક્ટનું ચણતર કરી રહ્યા છીએ.

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક** :
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca